# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૧-B તા.૧૧-૦૬-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય : Eco clubs for mission Life અંતર્ગત શાળાકક્ષાએ યોજવાની પ્રવૃત્તિઓ બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, વિદ્યાર્થીઓ પર્યાવરણની જાળવણી કેવીરીતે કરી શકાય તે વિશે માહિતગાર થાય તે માટે શાળાકક્ષાએ પર્યાવરણના જતન અને સંવર્ધનના ગુણ કેળવાય તે હેતુથી શાળાઓમાં ઈકો કલબ અંતર્ગત સાપ્તાહિક પ્રતિદીન એક વિષય સાથેની થીમ મુજબનું શાળાકક્ષાએ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન હાથ ધરવા જણાવવામાં આવે છે.

| ક્રમ | તારીખ અને વાર | વિષય |
|---|---|---|
| ૧ | તા.૧૫-૦૬-૨૦૨૪/ શનિવાર | સ્વસ્થ જીવન શૈલીનો સ્વીકાર |
| ૨ | તા.૧૮-૦૬-૨૦૨૪/ મંગળવાર | પોષણયુકત ખોરાકનો સ્વીકાર |
| ૩ | તા.૧૯-૦૬-૨૦૨૪/ બુધવાર | ઈલેકટ્રોનિક કચરાનો યોગ્ય નિકાલ |
| ૪ | તા.૨૦-૦૬-૨૦૨૪/ ગુરૂવાર | ઉર્જા બચાવો અભિયાન |
| ૫ | તા.૨૧-૦૬-૨૦૨૪/ શુક્રવાર | પાણી બચાવો અભિયાન |
| ૬ | તા.૨૨-૦૬-૨૦૨૪/ શનિવાર | સીંગલ યુઝ પ્લાસ્ટિકને 'ના' કહો |

આ બાબતે થયેલ પ્રવૃત્તિઓ ફોટોગ્રાફ અને અહેવાલ સી.આર.સી.કો.ઓ.ને તા.૨૪-૦૬-૨૦૨૪ સુધી મોકલી આપવાનો રહેશે. દર્શાવેલ લીંકમાં પ્રવૃત્તિઓના ફોટા અને વિગતો રોજે રોજ અપલોડ કરવાના રહેશે. આ સાથે સામેલ માર્ગદર્શિકા મુજબ રોજે રોજ પ્રવૃત્તિ હાથ ધરવાની રહેશે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૧૧-૦૬-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

## માર્ગદર્શિકા

## "ઇકો ક્લબ -સમર કેમ્પ અન્વયે પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં હાથ ધરવાની પ્રવૃત્તિઓ"

❖ **સ્વસ્થ જીવન શૈલીનો સ્વીકાર - (તા.૧૫/૦૬/૨૦૨૪, શનિવાર)**

વિધાર્થીઓ માટે નજીકના સ્થળે પ્રકૃતિના સાનિધ્યમાં મુક્ત વિહારનું આયોજન કરી વિધાર્થીઓને પર્યાવરણની જાળવણી કેવી રીતે કરી શકાય તે વિષે માહિતગાર કરવા.

1. સ્થાનિક વિસ્તારની વિવિધ વનસ્પતિથી વિધાર્થીઓને વાકેફ કરી વૃક્ષારોપણ અભિયાન ચલાવવું.
2. નજીકના ગામ તથા સ્થાનિક પ્રવાસન સ્થળની મુલાકાત કરાવવી, જેમાં વિધાર્થીઓના અલગ અલગ જૂથ બનાવી જુદા જુદા કામ સોંપવા, જેવા કે વનસ્પતિ શાસ્ત્ર, વિસ્તારનો ઇતિહાસ, ભૂગોળ, સ્થાનિક રીતિરીવાજો અને પરંપરાઓ, હસ્તકલાઓ વગરે.

❖ **પોષણયુક્ત ખોરાકનો સ્વીકાર – (તા.૧૮/૦૬/૨૦૨૪, મંગળવાર)**

1. શાળા પરિસરમાં કિચન ગાર્ડન બનાવવા અને તેની જાળવણી માટે વિધાર્થીઓને તેનું સંચાલન તથા જવાબદારી સોંપવી.
2. જો શાળા પરિસરમાં જગ્યા ઉપલબ્ધ ન હોય તો નજીકના સ્થળે જ્યાં જગ્યા ઉપલબ્ધ હોય ત્યાં જૂની ડોલ, પ્લાસ્ટીકની બોટલ અને માટીના વાસણોનો ઉપયોગ કરી વિવિધ ખોરાકી વનસ્પતિનો ઉછેર કરવા માટે વિધાર્થીઓને પ્રોત્સાહિત કરવા.
3. ઔષધબાગ માટે ભીના કચરામાંથી બનાવેલ ખાતરનો ઉપયોગ કરવો. રસાયણિક ખાતર અથવા જંતુનાશક દવાઓનો ઉપયોગ ટાળવો.
4. વિધાર્થીઓને ભીના કચરાનો ઉપયોગ કરી પ્રયાવરણ મિત્રને પ્રોત્સાહિત કરવા. દા.ત. કિચન ગાર્ડન માટે બાયો એન્ઝાઇમ.
5. શાળા પરિસરમાં ઉગાડવામાં આવેલ છોડનું દર મહીને કેટલું ઉત્પાદન થાય છે તેની વિગતો તૈયાર કરવી. ઉત્પાદનનો આંતરીક રીતે પીએમ પોષણ ભોજન અથવા વિધાર્થીઓ વચ્ચે વિતરણ કરી ઉપયોગ કરી શકાય.
6. વિધાર્થીઓ તેમના આહારમાં આ અનાજનો ઉપયોગ કરી આજીવન સ્વાથ્ય લાભો અને પર્યાવરણીય ફાયદાઓ સમજાવવા માટે સ્પર્ધાઓનું આયોજન કરી શકાય.
7. વિધાર્થીઓને પોતાના ઘરે પણ કિચન ગાર્ડન બનાવવા અને તેની જાળવણી માટે પ્રોત્સાહિત કરવા.

❖ **ઇલેક્ટ્રોનિક કચરાનો યોગ્ય નિકાલ – (તા.૧૯/૦૬/૨૦૨૪, બુધવાર)**

1. ઇલેક્ટ્રોનિક કચરાના યોગ્ય નિકાલ માટે અને પુનઃઉપયોગ માટે ઈ-વેસ્ટ કલેક્શન ડ્રાઈવ હાથ ધરવી.
2. જુના ઇલેક્ટ્રોનિક સામાનને ફેંકવા માટે શાળામાં ઈ-વેસ્ટ કલેક્શન પોઈન્ટ નક્કી કરવા.
3. શાળા સંચાલન સમિતિએ અધિકૃત ઈ-વેસ્ટના વેપારી સાથે એકત્ર કરાયેલ વસ્તુઓના સુરક્ષિત નિકાલ માટે આયોજન કરવું અને તેનો રેકોર્ડ જાળવવો.
4. પૃથ્વી પર ઈ-વેસ્ટની નુકસાનકારક અસરો સમજાવવા માટે શાળાઓ શૈક્ષણિક પ્રદર્શનનું આયોજન કરી શકે અને કચરો ઓછો કરી શકાય.
5. પર્યારણ પ્રત્યે સૌની જવાબદારી નક્કી કરવા વિધાર્થીઓ અને જનસમુદાયને એકત્ર કરી સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવું.
6. કચરાનો યોગ્ય નિકાલ કરવા વિધાર્થીઓને કચરો અલગ કરવાનું શીખવો.
7. ભીના અને સુકા કચરા માટે દરેક વર્ગખંડમાં ટુ-બિન સીસ્ટમ ઇન્સ્ટોલ કરવી.

8. જો ભીના કચરાનું પ્રમાણ વધુ ન હોય તો ત્રણ/ચાર વર્ગખંડો વચ્ચે એક ભીના કચરાનો ડબ્બો રાખી શકાય.
9. ઉપયોગમાં લેવાતા સેનેટરી નેપકીન, ડાયપર વગેરે માટે શૌચાલયમાં એક ડબ્બો અથવા તેના નિકાલ માટે યોગ્ય સ્થાનિક પરિસ્થિતિ મુજબ આયોજન કરવું.
10. દરેક કચરાપેટી પર 'શું અંદર નાખી શકાય?' જેવા સંકેતો મુકવા જેથી વિદ્યાર્થીઓ દરેક કચરાપેટીમાં શું નાખી શકાય તે નક્કી કરી શકે.
11. શાળા પરિસરમાં કચરાના વિભાજન માટે ખાતર ખાડાઓ બનાવી શકાય અને કિચન ગાર્ડનમાં ઉત્પાદિત ખાતરનો ઉપયોગ કરી શકાય.
12. કચરાને ઘટાડવા, પુનઃઉપયોગ અને રિસાયકલિંગને પ્રોત્સાહિત કરવા માટે શાળાઓમાં રિસાયકલ કરેલ વેસ્ટ કળા સ્પર્ધાઓનું આયોજન કરવું.
13. જુના કપડાં, રમકડાં, ફર્નિચર વગેરેનું દાન કરવા માટે ડોનેશન ડ્રાઇવનું આયોજન કરવું.
14. એકત્રિત થયેલ વસ્તુઓ જનસમુદાયના જરૂરતમંદ લોકો સુધી પહોંચાડી શકાય અથવા સેવાભાવી સંસ્થાઓને સોંપવામાં આવી શકે તેવું આયોજન હાથ ધરવું.
15. નજીકના વિસ્તારના રેક પીકર્સ/નાના જંકશોપ ડીલર્સ સાથે વાતચીત કરી મુલાકાતનું આયોજન કરો જ્યાં વિદ્યાર્થીઓ કચરો ક્યાં જાય છે, તેઓ કચરાને કેવી રીતે અલગ કરે છે, વસ્તુઓને કેવી રીતે રી-સાયકલ કરે છે વગેરે અંગે માહિતી મેળવી શકે.

❖ **<u>ઉર્જા બચાવો અભિયાન (તા.૨૦/૦૬/૨૦૨૪,ગુરુવાર)</u>**

1. વિદ્યાર્થીઓને ઉર્જા બચતની પ્રવૃત્તિઓ હાથ ધરવા પ્રોત્સાહિત કરવા, જેમ કે ટ્યુબલાઇટ, બલ્બ, પંખા વગેરે ઉપયોગમાં ન હોય ત્યારે તેની સ્વીચ બંધ રાખવી.
2. ઇકો-કલબની અંદર એનર્જી ટીમની રચના કરવી. શાળા બંધ થયા બાદ આ ટીમ તમામ વિદ્યુત ઉપકરણો બંધ છે તેની ખાતરી કરવા માટે કવાયત હાથ ધરે.
3. આ કવાયત માટે ઇકો-કલબની ટીમના સભ્યોનું ડ્યુટી રજીસ્ટર બનાવવું અને બાળકોને ઉર્જા બચાવ માટે પોતે કરેલ પ્રયાસોને શાળા કક્ષાએ બિરદાવવા.
4. NGO, ઉર્જા વિભાગ વગેરેના સહયોગથી ઉર્જાના નવીન સ્ત્રોતો પર જ્ઞાન નિર્માણ થાય તેવું આયોજન કરી શકાય.
5. ઉર્જા સંરક્ષણના મહત્વ વિષે જાગૃતિ લાવવા માટે પોસ્ટર, બેનર અને અન્ય દ્રશ્ય સામગ્રી બનાવી શાળાના નોટીસબોર્ડ પર લગાવી શકાય.
6. સોલાર પેનલના મહત્વ અને ઉપયોગ વિષે માહિતી આપવી.ગામમાં ક્યાં સોલાર પેનલ લાગેલ છે તે ઘર કે સંસ્થાનો સંપર્ક કરી પ્રાથમિક માહિતી મેળવવી.
7. શાળામાં વીજળીના બિલમાં ઘટાડો જોવા મળે તેમજ સૌરઉર્જા ઉત્પન્ન કરવાના એકમોનો શાળા કક્ષાએ ઉપયોગ થાય તે દિશામાં પ્રયાસ હાથ ધરવામાં આવે.

❖ **<u>પાણી બચાવો અભિયાન (તા.૨૧/૦૬/૨૦૨૪, શુક્રવાર)</u>**

1. શાળામાં પાણીના બગાડને ઘટાડવા ફ્લશ સિસ્ટમનો ઉપયોગ અને પાણીની પાઇપોમાં લીકેજ ન હોય તે સંદર્ભે શાળાના ઇકો-ક્લબ ટીમ તૈયાર કરવી..
2. વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા નજીકના પાણીના સ્ટોરેજ માંથી પાણી લઇ અને પાણીની શુદ્ધતાનું પરીક્ષણ કરી શકે તેવી શાળાની લેબમાં વ્યવસ્થા ઉભી કરી શકાય.
3. જનસમુદાય સાથે મળીને જળસંરક્ષણ રેલીનું આયોજન કરી શકાય.
4. ભૂતકાળમાં અપનાવવામાં આવેલી જળસંરક્ષણ પદ્ધતિઓ અને વિદ્યાર્થીઓને કેવી રીતે પાણી બચવવા માટે વધુ સક્રિય બનાવી શકાય તેની જાણકારી આપવી.
5. રેઇન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ અને તેના ફાયદાઓ વિષે જાગૃતિ રેલીનું આયોજન કરવું.

6. શાળામાં કોઈ જગ્યાએ પાણી લીકેજની સમસ્યા જણાય તો તેનો તાત્કાલિક ઉકેલ લાવવાના પ્રયાસ હાથ ધરવાનું આયોજન કરવું. આ અંગેના પ્રાથમિક આઉઈઆટ સાધન સંસાધનો શાળા કક્ષાએ ઉપલબ્ધ કરવા. બાળકોને આ પ્રક્રિયાઓમાં સામેલગીરી દ્વારા જાગૃત બને તેવા પ્રયાસ કરવા.

❖ **<u>સિંગલ યુઝ પ્લાસ્ટિકને ના કહો (તા.૨૨/૦૬/૨૦૨૪, શનિવાર)</u>**

1. શાળાના તમામ વિધાર્થીઓ અને શિક્ષકોએ **"<u>પ્લાસ્ટિકનો વ્યક્તિગત ઓછામાં ઓછો ઉપયોગ કરીશું</u>"** એવો સંકલ્પ લેવો.
2. શાળા પરિસરમાં ઉપયોગમાં લેવાતા પ્લાસ્ટિક ઓડીટનું આયોજન કરવું.
3. સિંગલ યુઝ પ્લાસ્ટિક હોય તેવી વસ્તુઓની યાદી બનાવવી. તેની અવેજીમાં ઇકો-ફ્રેન્ડલી હોય તેવી વસ્તુઓ શોધવી. દા.ત. સ્ટાયરોફોમ કાપને બદલે સ્ટીલના મગ, પ્લાસ્ટિકની પાણીની બોટલને બદલે ફરીથી વાપરી શકાય તેવી પાણીની બોટલ.
4. આપણી પૃથ્વી પર સિંગલ યુઝ પ્લાસ્ટિકની જોખમી અસર જેવા વિષય પર નિબંધ લેખન કરાવવું, ડીબેટનું આયોજન કરવું, પોસ્ટર બનાવવા, સુત્રો લખવા વગેરે જેવી પ્રવૃત્તિઓ કરાવી શકાય.
5. સિંગલ યુઝ પ્લાસ્ટિકની જોખમી અસર સૂચવતા પોસ્ટર શાળાના નોટીસબોર્ડ પર લગાવવા.
6. સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવો, સ્થાનિક અને પ્રકૃતિને અનુકુળ હોય તેવી ચીજવસ્તુઓ ખરીદવી વગેરે જેવી ઇકો-ફ્રેન્ડલી ટેવો અપનાવવા માટે જનસમુદાયને એકત્ર કરવા અને જાગૃતિ ઝુંબેશનું આયોજન કરવું.

વૃક્ષારોપણનાં છોડની સંખ્યા, એક બાળ એક ઝાડ, NGOકે અન્ય વિશેષ મુલાકાતીની સંખ્યા, નવા નિર્માણ થયેલા કિચન ગાર્ડન, કોઇ ઓર્ગેનિક ઉત્પાદન કર્યું હોય તો કેટલા કિલો, એકત્ર કરેલ ઇ-વેસ્ટની સામગ્રીની સંખ્યા અને વજન તથા તે સામગ્રી ક્યાં ઓથોરાઇઝડ ડીલરને વહેચી છે તેના નામ, નિર્માણ કરેલ કમ્પોસ્ટપીટની સંખ્યા, ઉત્પાદિત ઓર્ગેનિક વેસ્ટની રકમ, શાળાના વીજળી બીલમાં થયેલ ઘટાડાની કીમત, જો શાળામાં સોલાર પેનલ હોય તો કેટલા યુનિટ સોલાર પાવરનું ઉત્પાદન થયું, સપ્તાહમાં પાણીના કેટલા લીકેજ મરામત કર્યા અને સપ્તાહમાં પાણીનો કેટલો ઉપયોગ થયો, એકત્ર થયેલ પ્લાસ્ટિક કચરાની રકમ અને પાછી અપાયેલ પાણીની બોટલ્સની સંખ્યા. જેવી માહિતી મેળવવી.

આમ આ પ્રકારની વિગતો સાથે માહિતી સભર અહેવાલ તૈયાર કરવો અને સી આર સી કો ઓ દ્વારા પોતાના ક્લસ્ટરની વિગતો પ્રતિદિન આચાર્ય દ્વારા અત્રેથી સૂચવવામાં આવે તે લિંકમાં અપલોડ કરવામાં આવે તેની ખાસ કાળજી લેવા જણાવવામાં આવે છે.

समग्र शिक्षा
Samagra Shiksha

# ECO CLUBS FOR MISSION LiFE
# (Lifestyle for Environment)

# NEP 2020: પર્યાવરણ જાગૃતિને વિશિષ્ઠ સ્થાન

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020 એ વાત ને મહત્વ આપે છે કે“... આજના ઝડપથી બદલાતા વીશ્વમાં સારા, સફળ, નવીન, અનુકુલનશીલ અને કમંઠ વ્યક્તિ બનવા માટે તમામ વિદ્યાર્થીઓએ કેટલાક વિષયો, કૌશલ્યો અને ક્ષમતાઓ શીખવી જોઈએ

....આ કૌશલ્યોમાં આપેલ વિષયવસ્તુ સમાવેશ થાય છે: પર્યાવરણીય જાગૃતિ જેમાં જળ અને સંસાધન સંરક્ષણ અને સ્વચ્છતાનો સમાવેશ થાય છે...”

# ECO CLUBS FOR MISSION LiFE  -  Themes

१. સ્વસ્થ જીવનશૈલી અપનાવો

૨. ટકાઉ ફૂડ સિસ્ટમ્સ અપનાવો

3. e-waste ઓછો કરો

૪. કચરો ઓછો કરો

૫. ઉર્જા બચાવો

૬.પાણી બચાવો

•૭. Single use પ્લાસ્ટિક ને ના કહો

# Sustainable Development Goals (SDGs)
# સાતત્યપૂર્ણ વિકાસ લક્ષ્યાંકો

**Goal 4**. 'સમાવેશક અને સમાન ગુણવત્તાયુક્ત શિક્ષણની ખાતરી કરો અને બધા માટે જીવનભર શીખવાની તકોને પ્રોત્સાહન આપો.'

- **Target** 4.7: 2030 સુધીમાં, ખાતરી કરો કે બધા શીખનારાઓ સાતત્યપૂર્ણ વિકાસ અને સાતત્યપૂર્ણ જીવનશૈલી માટે શિક્ષણ દ્વારા, અન્યો સહિત, સાતત્યપૂર્ણ વિકાસને પ્રોત્સાહન આપવા માટે જરૂરી જ્ઞાન અને કૌશલ્યો પ્રાપ્ત કરે છે.

# Sustainable Development Goals (SDGs)

# સાતત્યપૂર્ણ વિકાસ લક્ષ્યાંકો

**Goal 13. વાતાવરણ પરિવર્તન અને તેની અસરો સામે લડવા માટે તાત્કાલિક પગલાં લો.'**

Target 13.3: વાતાવરણ પરિવર્તન ઘટાડવા, અનુકૂલન, અસર ઘટાડવા અને પ્રારંભિક ચેતવણી પર શિક્ષણ, જાગૃતિ-વધારો અને માનવ અને સંસ્થાકીય ક્ષમતામાં સુધારો

# ઇકો ક્લબ્સ: સમર કેમ્પ્સ

૧.ઇકો ક્લબ્સ - સમગ્ર શિક્ષા અંતર્ગત વિદ્યાર્થીઓને અર્થપૂર્ણ પર્યાવરણ-મૈત્રીપૂર્ણ પ્રવૃત્તિઓ હાથ ધરવા સક્ષમ બનાવવા માટે હસ્તક્ષેપ છે.

૨. ઉદ્દેશ્ય: સ્થાનિક ઇકો-સિસ્ટમ, વાતાવરણ પરિવર્તન અને અન્ય પર્યાવરણીય ચિંતાઓ પ્રત્યે સંવેદનશીલતા વિકસાવવી.

3.વર્લ્ડ એન્વાયર્નમેન્ટ ડે 2024 થીમ: જમીન પુનઃસ્થાપન, રણીકરણ અને દુષ્કાળ સ્થિતિસ્થાપકતા.

૪.5-12 જૂન, 2024 સુધી શાળાઓમાં સમર કેમ્પની દરખાસ્ત.

૫. મિશન લાઇફ થીમ પર આધારિત.

# ઇકો ક્લબ્સ: સ્ટેટસ

- ઇકો ક્લબ ધરાવતી શાળાઓની સંખ્યા: 34,154 તથા 274 PM SHRI શાળા (UDISE 2022-23 )
- 2024-25 માં ઇકો ક્લબ પ્રવૃત્તિઓ માટે ફાળવેલ ભંડોળ: રૂ. 15.27 કરોડ
- 100 દિવસનું લક્ષ્ય: 1 લાખ ઈકો ક્લબની રચના
- 5-વર્ષનું લક્ષ્ય: દેશની તમામ શાળાઓમાં ઇકો ક્લબને સંતૃપ્ત કરો

# શા માટે સમર કેમ્પ

- સમગ્ર વિશ્વમાં અને રાષ્ટ્રમાં તીવ્ર ગરમીના મોજા અને વધતી જતી વાતાવરણ કટોકટી, તાત્કાલિક પગલાં હિતાવહ છે.
- વિદ્યાર્થીઓ અને સમુદાયોને પ્રકૃતિ સાથે જોડાવવા અને પર્યાવરણીય પડકારોનો સામનો કરવા જાગૃતિ અને વ્યૂહરચનાથી સજ્જ કરવા.
- સમય હવે કાર્ય કરવાનો છે!
- આ શિબિરો આપણા ગ્રહની સુરક્ષા માટે પ્રતિબદ્ધ પેઢી માટે લોન્ચ પેડ તરીકે કામ કરે છે.




रीवा घाट
REEWA GHAT
eco
इंडिया

# દિવસ ૧: સ્વસ્થ જીવનશૈલી અપનાવો

**સૂચક પ્રવૃત્તિઓ**



- વિદ્યાર્થીઓ માટે નજીકના ઇકોસિસ્ટમમાં 'nature walk' આયોજન કરો.
- રણીકરણ, જમીન પુનઃસ્થાપન, દુષ્કાળની સ્થિતિસ્થાપકતા વિશે જાણો.
- પર્યાવરણ સંરક્ષણ વિશે જાણો.
- વિસ્તાર વિશિષ્ટ વનસ્પતિ પર ધ્યાન કેન્દ્રિત કરીને વૃક્ષારોપણની ઝુંબેશ ચલાવો.
- નજીકના ગામો/સ્થાનિક પ્રવાસન સ્થળોની શોધખોળ મુલાકાત કરો.
- વર્ગને જૂથોમાં વિભાજિત કરી શકાય છે.

મેટ્રિક: રોપવામાં આવેલા રોપાઓની સંખ્યા, મુલાકાતો/nature walk આયોજન, સંખ્યાબંધ બાળકોએ ભાગ લીધો

# દિવસ 2 થીમ: 'સસ્ટેનેબલ ફૂડ સિસ્ટમ્સ અપનાવો'

## સૂચક પ્રવૃત્તિઓ

- વિદ્યાર્થીઓને શાળાના કિચન ગાર્ડન બનાવવા, પુનર્જીવિત કરવા અને મેનેજ કરવા માટે સામેલ કરો.
- જગ્યાની તંગીના કિસ્સામાં, છોડ ઉગાડવા માટે જૂની ડોલ, પ્લાસ્ટિકની બોટલ અને માટીના વાસણોનો ઉપયોગ કરો.
- જગ્યા બચાવવા માટે વેલ લગાવો.
- શાળાના કિચન ગાર્ડન માટે શાળાના ભીના કચરામાંથી બનાવેલ ખાતરનો ઉપયોગ કરો; રાસાયણિક ખાતરો અને જંતુનાશકો ટાળો.
- વિદ્યાર્થીઓને કચરાનો ઉપયોગ કરીને પર્યાવરણમિત્ર જંતુનાશકો બનાવવા માટે પ્રોત્સાહિત કરો જેમકે: bioenzymes for. કિચન ગાર્ડન

# દિવસ 2 થીમ: 'સસ્ટેનેબલ ફૂડ સિસ્ટમ્સ અપનાવો'

- ઉગાડવામાં આવેલા છોડ અને માસિક ઉપજની લણણીનો રેકોર્ડ રાખો. ઉત્પાદનનો ઉપયોગ પીએમ પોષણ ભોજન અથવા વિદ્યાર્થીઓ અને સ્ટાફ વચ્ચે વિતરણ માટે આંતરિક રીતે કરી શકાય છે.
- સ્પર્ધાઓ: સુપર અનાજ જેમકે બાજરીના સ્વાસ્થ્ય લાભો અને પર્યાવરણીય ફાયદાઓ દર્શાવવા માટે fancy dress સ્પર્ધાનું આયોજન કરો.
- વિદ્યાર્થીઓને આ શિક્ષણને તેમના ઘર/સમુદાયમાં જાગૃતિ માટે પ્રોત્સાહિત કરો.

મેટ્રિક: બનાવેલ કિચન ગાર્ડનની સંખ્યા, ઓર્ગેનિક ઉત્પાદનનો જથ્થો (કિલો)

# દિવસ 3 થીમ: 'ઇ-વેસ્ટ ઓછો કરો'

## સૂચક પ્રવૃત્તિઓ



- ઈલેક્ટ્રોનિક વેસ્ટ/ગેજેટ્સના યોગ્ય નિકાલ અને પુનઃઉપયોગ મ કલેક્શન ડ્રાઈવ હાથ ધરો.
- શાળામાં 'ઈ-વેસ્ટ કલેક્શન' પોઈન્ટ સેટ કરો.
- એકત્રિત કરવામાં આવેલી વસ્તુઓના સુરક્ષિત નિકાલ માટે અધિકૃત ઈ-વેસ્ટ કલેક્ટર્સ સાથે સહયોગ કરો અને એકત્રિત ઈ-વેસ્ટનો રેકોર્ડ જાળવો.
- આપણા ગ્રહ પર ઈ-વેસ્ટની અસર બતાવવા માટે શૈક્ષણિક બૂથ સેટ કરો.

મેટ્રિક: ઈ-વેસ્ટનો જથ્થો એકત્રિત કરીને અધિકૃત ડીલરને સોંપવામાં આવ્યો (નંબર/કિલો)

# દિવસ 4 થીમ: 'કચરો ઓછો કરો'

## સૂચક પ્રવૃત્તિઓ




- વિદ્યાર્થીઓ અને સમુદાય સાથે મળીને સ્વચ્છતા અભિયાનનું આયોજન કરે.
- કચરાના યોગ્ય નિકાલ માટે કચરાને અલગ કરવાનું શીખવો.
- ભીના અને સૂકા કચરા માટે two-bin સિસ્ટમ ઇન્સ્ટોલ કરો.
- શાળાઓમાં ખાતર ખાડાઓ બાંધો.
- શાળાના કિચન ગાર્ડનમાં ઉત્પાદિત ખાતરનો ઉપયોગ કરો.
- 3Rs એટલે કે **Reduce** (કચરાને ઘટાડવા), **Reuse** (પુનઃઉપયોગ) અને **Recycle** (રિસાયક્લિંગ)ને પ્રોત્સાહન આપવા માટે શાળાઓમાં રિસાયકલ કરેલ કચરો કલા સ્પર્ધાઓનું આયોજન કરો.

# દિવસ 4 થીમ: 'કચરો ઓછો કરો'



- જૂના કપડાં, રમકડાં, ફર્નિચર વગેરેનું દાન કરવા માટે ડોનેશન ડ્રાઇવનું આયોજન કરો.
- એકત્રિત વસ્તુઓ સમુદાયના જરૂરિયાતમંદ લોકોને વહેંચી શકાય છે NGO ને સોંપવામાં આવી શકે છે.
- નજીકના વિસ્તારમાંથી કચરો ભેગો કરનાર વ્યક્તિઓ/ભંગારની ડીલરો સાથે ક્રિયાપ્રતિક્રિયા સત્રોનું આયોજન કરો જ્યાં વિદ્યાર્થીઓ – 'કચરો ક્યાં જાય છે.., તેઓ કચરાને કેવી રીતે અલગ કરે છે, વસ્તુઓને કેવી રીતે રી-સાયકલ કરવામાં આવે છે' વગેરે અંગે પ્રશ્નો પૂછી શકે છે.

મેટ્રિક: બાંધવામાં આવેલા ખાતર ખાડાઓની સંખ્યા, ઉત્પન્ન થયેલ કાર્બનિક કચરાની માત્રા.

# દિવસ 5 થીમ: 'ઉર્જા બચાવો

## સૂચક પ્રવૃત્તિઓ




- વિદ્યાર્થીઓ જ્યારે ઉપયોગમાં ન હોય ત્યારે ટ્યુબ-લાઇટ, બલ્બ, ઇલેક્ટ્રોનિક ગેજેટ્સ બંધ કરવા જેવી ઊર્જા બચત પ્રવૃત્તિઓ હાથ ધરે.
- ઇકો-ક્લબની અંદર એનર્જી ટીમની સ્થાપના કરો.
- સોલાર પેનલમાં રોકાણની ચર્ચા કરો.
- ઈન્ટરનેશનલ સોલર એલાયન્સમાં ભારતની મહત્વની ભૂમિકા.
- ભારત સરકારની મહત્વાકાંક્ષી યોજના "PM સૂર્ય ઘર મફત બિજલી યોજના" વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરો
- Patrolling માટે ઇકો-ક્લબ ટીમના સભ્યોનું Duty register/ ફરજ રજીસ્ટર બનાવો.
- એનજીઓ, પાવર વિભાગો વગેરે સાથે મળીને નવીનીકરણીય ઉર્જા સ્ત્રોતો પર સત્રોનું આયોજન કરો.
- પોસ્ટરો/બેનરો/અન્ય દ્રશ્ય સામગ્રી બનાવો અને શાળાના નોટિસ બોર્ડ પર લગાવો.

મેટ્રિક: શાળામાં વીજળીના બિલમાં ઘટાડો, સોલર ઉર્જા ઉત્પન્ન કરવાના એકમો (શાળામાં સોલર પેનલ લગાવવામાં આવે તો).

# દિવસ 6 થીમ: 'પાણી બચાવો'




## સૂચક પ્રવૃત્તિઓ

- શાળામાં પાણીનો બગાડ ટેબ્યુલેટ કરો.
- ફ્લશ સિસ્ટમ્સ, નળ, પાણીની પાઈપોમાં લિક માટે તપાસો. ઇકો-કલબ શિક્ષક ઇન્ચાર્જને જાણ કરો.
- વિદ્યાર્થીઓ તેમના શિક્ષકો સાથે નજીકના સ્ટોરેજ સિસ્ટમ/તળાવમાંથી પાણી એકત્રિત કરી શકે છે અને પાણીની શુદ્ધતા ચકાસવા માટે પરીક્ષણો કરી શકે છે.
- સમુદાય સાથે મળીને જળ સંરક્ષણ રેલીનું આયોજન કરો.
- રેઇન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ અને તેના ફાયદાઓ વિશે જાગૃતિ સત્રોનું આયોજન કરો.

મેટ્રિક: લિકની સંખ્યા, એક અઠવાડિયામાં પાણીના વપરાશમાં ઘટાડો.

# દિવસ 7 થીમ: 'સિંગલ યુઝ પ્લાસ્ટિકને ના કહો'

સૂચક પ્રવૃત્તિઓ




- બધા વિદ્યાર્થીઓ અને શિક્ષકો - "પ્લાસ્ટિકને ના કહો" સંકલ્પ લો.
- શાળા પરિસરમાં પ્લાસ્ટિક ઓડિટનું આયોજન કરો.
- સિંગલ યુઝ પ્લાસ્ટિક વસ્તુઓની યાદી બનાવો.
- ઇકો-ફ્રેન્ડલી અવેજી શોધો દા.ત. સ્ટાયરો ફોમ કપને બદલે સ્ટીલના મગ અને
- પ્લાસ્ટિકની પાણીની બોટલને બદલે ફરીથી વાપરી શકાય તેવી પાણીની બોટલ.
- પ્રવૃતિઓ દ્વારા આપણા ગ્રહ પર સિંગલ યુઝ પ્લાસ્ટિકની જોખમી અસર અંગે જાગૃતિ ફેલાવો દા.ત. પોસ્ટર મેકિંગ, ડિબેટ, સ્લોગન લેખન, નિબંધ લેખન વગેરે.
- શાળાના નોટિસ બોર્ડ પર શ્રેષ્ઠ પોસ્ટરો લગાવો. (દ્રશ્ય અસર)
- જ્યુટ બેગનો ઉપયોગ, સ્થાનિક અને પ્રકૃતિને અનુકુળ ચીજવસ્તુઓ ખરીદવા વગેરે માટે ઇકોફ્રેન્ડલી ટેવો અપનાવવા માટે સમુદાયને એકત્ર કરવા માટે જાગૃતિ અભિયાન.

મેટ્રિક: સિંગલ યુઝ પ્લાસ્ટિકની રકમ, બદલી પ્લાસ્ટિકની પાણીની બોટલોની સંખ્યા વગેરે.

# મોનીટરીંગ અને ડેટા કલેક્શન

| Day 1 Theme: Adopt Healthy Lifestyles | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Districts | Activity Details | | Adopt healthy Lifestyle metrics | | | Participation Details | | | | Media Coverage | | | | Multimedia | |
| | Name of Activity | Activity Description | No. of saplings planted | No. of nature walks conducted | No. of visits to nearby villages/ tourist destinations | No. of Schools | No. of Students | No. of Teachers | No. of Community members | X/Twitter posts | FB posts | Instagram posts | Print media/newspapers | High resolution geo tagged photographs (atleast 5 per actvity through Google drive link | High Resolution geo tagged videos (maximum 2 per activity, |
| AHMEDABAD | | | | | | | | | | | | | | | |
| AMRELI | | | | | | | | | | | | | | | |
| ANAND | | | | | | | | | | | | | | | |
| ARAVALLI | | | | | | | | | | | | | | | |
| BANAS KANTHA | | | | | | | | | | | | | | | |
| BHARUCH | | | | | | | | | | | | | | | |
| BHAVNAGAR | | | | | | | | | | | | | | | |
| BOTAD | | | | | | | | | | | | | | | |
| CHHOTAUDEPUR | | | | | | | | | | | | | | | |
| DEVBHOOMI DWARKA | | | | | | | | | | | | | | | |
| DOHAD | | | | | | | | | | | | | | | |
| GANDHINAGAR | | | | | | | | | | | | | | | |
| GIR SOMNATH | | | | | | | | | | | | | | | |
| JAMNAGAR | | | | | | | | | | | | | | | |
| JUNAGADH | | | | | | | | | | | | | | | |
| KACHCHH | | | | | | | | | | | | | | | |

*The tracker should only be updated in ENGLISH language.

# Media Outreach

તમામ જિલ્લાઓ વ્યાપક કવરેજ અને પ્રસાર માટે સોશિયલ મીડિયા, ડિજિટલ મીડિયા અને પ્રિન્ટ મીડિયા પર પ્રવૃત્તિઓ શેર કરવી.

**<u>Hashtags</u>**

**#EcoClubs4MissionLiFE**
**#SummerCamps4Nature**
**#GreenWarriors**
**#ExperientialLearning**
**#WorldEnvironmentDay2024**
**#SustainableLifestyle**
**#Education4Al**

***https://docs.google.com/spreadsheets/d/13mep-nPOg8gmyX5HR4D1Swob_0ztSgb15eQRBNrFMwo/edit?usp=sharing***

# ઉપયોગી લિંક્સ

https://missionlife-moefcc.nic.in/

https://merilife.nic.in/

https://www.cseindia.org/

https://www.undp.org/

# ગ્રીન સ્કૂલ પ્રોગ્રામ: સ્કૂલ ઓડિટ માટે

- શાળા પર્યાવરણને અનુકૂળ પ્રથાઓનું અવલોકન કરી રહી છે તેનું મૂલ્યાંકન.
- છ પરિમાણો: હવા, ઊર્જા, ખોરાક, પાણી, જમીન, કચરો.
- સમગ્ર PM SHRI શાળાઓમાં ઓડિટ શરૂ કરવામાં આવશે.
- વર્ષ દર વર્ષે સુધારો માપવામાં આવશે.

# સક્ષમ શાળા મોડ્યુલ (તમામ સરકારી શાળા માટે)

કુદરતી અને માનવસર્જિત આપત્તિનાં સમયે બાળકો અને શાળાના શિક્ષકો દ્વારા નિવારણરૂપ પગલાઓ લઇ શકાય તે માટેની માર્ગદર્શિકા



# તમે તમારા 7 દિવસ અને 7 થીમનો ડેટા ક્યાં રેકોર્ડ કરશો?

શિક્ષણ મંત્રાલયે આપડી સાથે 'મેરી લાઈફ પોર્ટલ' શેર કર્યું છે, જેના માટે વેબસાઈટ લિંક અને શાળા રજીસ્ટ્રેશન સ્ટેપ્સ નીચે દર્શાવેલ છે:

# Meri life portal – Step 1

LOGIN: https://merilife.nic.in/login

# Meri life portal – Step 2 (For registration)

https://merilife.nic.in/login



# Meri life portal – Step 3

https://merilife.nic.in/login




1. **Type of Field Offices:** State government affiliated
2. **Select Institution:** School education department
3. **Field office:** <District/Corporation name> & Name of school
4. **Name:** Principal name
5. **Designation:** હોદો

# Meri life portal – Step 4

https://merilife.nic.in/login




6. **Email :** School official email-id
7. **Mobile No:** Principal working mobile no.

8. OTP received on phone.
9. Type OTP &
10. Submit

***The portal should be updated each day - Day 1 , 2, 3… 7 and only in ENGLISH language.**

# આ પ્રવૃત્તિને શૈક્ષણિક વર્ષ દરમ્યાન જાળવી રાખવા આપ શું કરી શકો છો




વૃક્ષારોપણ કરીને જન્મદિવસ મહિનાની ઉજવણી



વિજેતા ટીમ માટે સ્ટાર પોઈન્ટ



સ્વચ્છ શાળા નિરીક્ષક તરીકે વિદ્યાર્થી



કેમ્પમાં વાલી અને સમુદાયની ભાગીદારીથી સ્વચ્છ ગુજરાત અભિયાન ચલાવો



સમગ્ર શિક્ષા
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ
ગાંધીનગર

યુથ અને ઇકો ક્લબ

માર્ગદર્શિકા

શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ છે. શહેરીકરણ, તકનીકી પ્રગતિ અને સમૂહ માધ્યમોની અસરો જેવા સામાજિકના પરિવર્તનો એ જરૂરિયાત તરફ દોરી ગયા છે કે શાળાઓ માત્ર તેના વિદ્યાર્થીઓના જ્ઞાનાત્મક વિકાસને પોષવા માટે જ નહી,ભાવાત્મક ઉત્તેજન આપવા માટે પણ હોવી જોઈએ જેથી વિદ્યાર્થીઓ જીવનના તમામ ક્ષેત્રે સજ્જ બને. આ ઉમદા ઉદ્દેશને ધ્યાનમાં રાખી શાળાઓમાં "યુથ અને ઇકો ક્લબ" નો કાર્યક્રમ અમલીકૃત કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ માટે નીચે મુજબની ગ્રાન્ટ આપવામાં આવે છે.

માર્ગદર્શિકામાં આપેલ વર્ગ-વાર અને મહિનાવાર પ્રવૃત્તિઓને અનુસરો


BATMAN
I am
Who doesn't like mountains?




# પ્રતિજ્ઞા

હું પ્રતિજ્ઞા લઉં છું કે પર્યાવરણનાં રક્ષણ માટે મારા રોજિંદા જીવનમાં શક્ય તમામ પરિવર્તન લાવીશ.

હું મારા પરિવાર, મિત્રો અને અન્ય લોકોને પર્યાવરણને અનુકૂળ ટેવોના અને વ્યવહારોના મહત્વ વિશે સતત પ્રોત્સાહિત કરવા માટે પણ પ્રતિબદ્ધ છું.

**આભાર**